* નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.

૧. માની મમતાને ન પામી શકનાર માટે કવિ કયો શબ્દ વાપરે છે?

=> માની મમતાને ન પામી શકનાર માટે કવિ અભાગી શબ્દ વાપરે છે.

૨. 'એકલવાયું ચોમાસું વરસે છે', એવું કવિ કયા સંદર્ભે કહે છે?

=> સંતાનો દૂર હોય ત્યારે 'એકલવાયું જીવન વ્યતિત કરતી માની આંખમાંથી આસું નહીં પણ તેની મમતા ચોમાસાની જેમ વરસે છે.

* નીચે આપેલા પ્રશ્નોના બે વાક્યમાં જવાબ લખો.

૧. કવિ માની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે?

=> જ્યારે કવિના જીવનમાં સંકટ કે મુશ્કેલીઓ આવે છે. સંગા સંબંધીઓ કે મિત્ર એમને હળસેલે કે તેમની ઉપેક્ષા કરે તેમને ધિક્કારે કે એક તરફ ફેકી દે છે ત્યારે કેવળ એમની માની મમતા જ એમને ટેકો આપે છે.

૨. કવિની પીડા કેવી રીતે દૂર થાય છે?

=> જ્યારે કવિને માની દસે આંગળીઓના ટેરવાનાં સ્પર્શ થાય છે ત્યારે કવિની પીડા પળવારમાં દૂર થઈ જાય છે.

3. કવિને માતાની લહેરખી ક્યારે અનુભવાય છે?

=> કવિના જીવનમાં જ્યારે અનેક સંકટો આવે છે અને એની વેદના સહેવી પડે છે ત્યારે તેમને માતાની મમતાની લહેરખી અનુભવાય છે.

* કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

૧. તરણા પેઠે ચાવે.............. તારી મમતાના ટેકે

=> કોઈ મને તરણાની જેમ ચાવે કે મને કોઈ હડસેલે પણ તારી મમતા ના ટેકે પગ પર ઊભા રહેવાનું બળ મળે છે. તારી દસે આંગળીઓના ટેરવાનો મને સ્પર્શ થાય છે. ત્યારે મારી વેદના પળવારમાં દૂર થઈ જાય છે.

૨. ઘરથી જાઉં દૂર............... કરું પરકમ્મા......

=> હુ ઘરથી ભલે ગમે તેટલો દૂર હોવ છતાં તમારી આંખ સામે હોય છે. એવો કોણ અભાગી હસે જે માને આ રીતે સદાય ન પામતો હોય? મારે મન તારુ દરેક સ્મરણ તીર્થ રૂપ જે. હુ તારી પરિક્રમ્મા કરું છું.

* સમાનાર્થી શબ્દ લખો.

મારગ = પથ, રસ્તો

અભાગી = કમનસીબ, દુર્ભાગી

સદા = હમેશાં, સર્વદા

સ્મરણ = સ્મૃતિ, યાદ

લ્હેરખી = લહેર, તરંગ

તીરથ = તીર્થ, ધામ

સમુદ્ર = સાગર, દરિયો

આકાશ = ગગન, નભ

શશી = ચંદ્ર, મયંક

રાત્રિ = રજની, નિશા

* વિરોધી શબ્દ લખો.

અભાગી = સુભાગી, સદભાગી

સ્મરણ = વિસ્મરણ